R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૯ ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-27 • ISSUE: 01 DATE: 06-01-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ મોતિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પાકિસ્તાનને અપાતી સહાય બંધ કરવાનો મનસુબો જાહેર કર્યો

અમેરિકાએ છેલ્લા દોઢ દાયકામાં પાકિસ્તાનને ૩૩ અબજ ડોલરની સહાય કરી છે અને પાકિસ્તાને અમેરિકાને આપેલા વચનો પાળવામાં માત્ર છેતરપીંડી કરી છે.પાકિસ્તાને અમેરિકાને મુર્ખ બનાવ્યા છે.તે હવે બધું ચલાવી લેવાય તેમ નથ. અમેરિકા દ્વારા અફઘાનિસ્તાનમાંથી આંતકવાદીઓને ખદેડવામાં આવી રહ્યા છે ત્યારે પાકિસ્તાન તેમને શરણું આપીને આતંકીઓ માટે સ્વર્ગ બનાવી રહ્યો છે.

ગત મહિને ટ્રમ્પ દ્વારા નેશનલ સિક્યોરીટી સ્ટેટેજીની જાહેરાત કરવામા આવી હતી. તેના અનુસંધાનમાં ટ્રમ્પે પાકિસ્તાની સખ્ત ઝાટકણી કાઢી હતી.તેમણે ટ્વિટ કરતાં કહ્યુ હતું કે હવે બસ, અમે અત્યાર સુધીમાં પાકિસ્તાનને મોટા પાયે મદદ કરી છે.તેમણે પણ સામે મદદ કરવી જોઈએ પણ તેવું કશું થયું જ નથી.તેમણે આકરી ભાષામાં કહ્યુ હતું કે ઈસ્લામાબાદ આતંકવાદને રોકવા માટે પગલાં લે નહી તો દંડાત્મક પગલાં માટે સજ્જ રહેવું પડશે.તેમણે વધુમાં કહ્યુ હતું કે પાકિસ્તાન દ્વારા આતંકવાદ અને હિંસાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે.અમારી મદદનું ખાસ કોઈ પરિણામ મળતું નથી.તેને કારણેજ પાકિસ્તાનને અપાતી સહાય અંગે અમે વિચારીશું.ઉલ્લેખનીય છે કે અમેરિકા દ્વારા પાકિસ્તાનને અપાનારી ૨૨૫ મિલિયન ડોલરની સહાય રોકવામાં આવી હોવાના અહેવાલો



છે.પાકિસ્તાન દ્વારા તેના ત્યાં પાંગરેલા આતંકવાદને નાથવા અને આતંકવાદી સંગઠનોને કાબુ રાખવા અને તેનો નાશ કરવામાં નિષ્ફળ ગયો છે.તેથી આ સહાય રોકવામાં આવી છે.આતંકવાદના મુદ્દે પાકિસ્તાનને નોટીસ આપવામાં આવી છે.તેઓ શાનમાં સમજી જાય તે સારુ છે.

## એચ-૧બી વિઝા : પાંચ લાખથી વધુ ભારતીયોને ટ્રમ્પ વહીવટી તંત્રના આકરા નિયમોની અસર થશે

ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા આકરા નિયમોમાં એચ-૧બી વિઝા હેઠળ પાંચ લાખથી વધુ ભારતીયો તેની લપેટમાં આવી જશે.બાય અમેરિકન, હાયર અમેરિકન સુત્રની નીતિ હેઠળ ટ્રમ્પ વહીવટી તંત્રે એચ ૧બી વિઝા માટેના આકરા નિયમોની દરખાસ્ત મુકી છે.જેના કારણે મોટાપાયે ભારતીયોને અમેરિકા છોડવું પડશે.આ દરખાસ્ત અમલી બની જશે તો તેની અસર ભારતીયો પર પડશે.ડીપાર્ટ.ઓફ હોમલેન્ડ સીક્યોરીટીની સાથે મેમો ના સ્વરુપમાં શેર કરવામાં આવેલી આ દરખાસ્ત તે વિદેશી કામદારોને પોતાના એચ ૧બી વિઝા રાખવાથી અટકાવે છે કે જેના ગ્રીન કાર્ડની અરજી પેન્ડીંગ છે.અમેરીકી સરકારના આ પગલાંથી ત્યા હજારો ભારતીયોના એચ૧બી વિઝા એક્સટેન્ડ નહીં કરાય.આ નવા કાયદાથી આઈટી સેકટરમાં કામ કરતા ભારતીયોને તેની અસર થશે.જો નવો નિયમ લાગુ પડશે તો પાંચ લાખ ભારતીયોને અમેરિકા છોડીને ભારત પરત આવવું પડશે.સોફ્ટવેર ઈન્ડસ્ટ્રીઝની સંસ્થા નાસ્કોમ અમેરિકી સાંસદો અને વહીવટી તંત્ર સામે વિઝા સબંધિત પ્રશ્નો ઉઠાવી ચુક્યું છે.અને આગામી થોડાક દિવસોમાં પ્રસ્તાવિત કાયદા પર વાતચીત થશે.અમેરિકી વહીવટીતંત્રે તેના પ્રસ્તાવિત પ્રોટેકટ એન્ડ ગ્રો અમેરિકન્સ જોબ્સ બિલને પગલે આ પગલું ભર્યુ છે.આ બિલમાં એચ ૧બી વિઝાનો દુરપયોગ અટકાવવા માટે નવા પ્રતિબંધની જોગવાઈ છે.આ નવી દરખાસતને કારણે ચીનને પણ અસર થશે.એચ ૧બી વિઝા ધરાવનારા સૌથી વધુ ભારતીયોની સંખ્યા છે.

## કેરોલ સીંગીગ બદલ ૩૦ પાદરીઓને અટકમાં લેવાયા

મધ્યપ્રદેશના સતનામાં ખ્રિસ્તીઓ પર થયેલા હુમલાના મુદ્ ચિંતા જાહેર કરાતં ટોચના કેથોલિક સમુદાયે કહ્યુ છે કે ધાર્મિક રીતે દેશનું ધ્રુવીકરણ થઈ રહ્યુ છે.તેમણે કહ્યુ કે સમુદાય સરકારમાંથી પોતાનો વિશ્વાસ ગુમાવી રહ્યો છે. ગત સપ્તાહમાં સતના નજીક એક ગામમાં કેરોન સીગીગ કરવા બદલ ૩૦ પાદરીઓ અને સેમેરિન્સની ધરપકડ કરવામાં આવી હતી. બજરંગદળે આક્ષેપ કર્યો હતો કે તેઓ ગામલોકોનું જબરજસ્તીથી ધર્માતરણ કરાવી રહ્યા હતા.

કેથલીક કોન્ફરન્સ ઓફ ઈન્ડીયાના અધ્યક્ષ કાર્ડિનલ બાસેલિયમ ક્લેમિસે એક અખબારી મુલાકાતમાં કહ્યુ હતું કે સતનામાં પાદરીઓ પર હુમલો થયા બાદ રાજ્ય સરકાર અપરાધીઓને શોધવાને બદલે ગરીબ અને નિર્દોષ લોકોની ધરપકડ કરી રહી છે.તેને કારણે સમુદાય સરકારમાં વિશ્વાસ ગુમાવતો જાય છે.તેમણે કહ્યુ કે બીજા દેશોમાં પણ આવી ઘટના બનતી જ હોય ચે. પરંતુ તે પછી સરકારની તાકાત અને વલણની સમીક્ષા કઈ રીતે કરશો ?તેમણે કહ્યુ કે દેશમાં ધર્મના આધારે ભાગલા પાડવામાં આવી રહ્યા છે.અને લોકશાહી દેશ આ માટે ઠીક નથી.દેશ ધર્મનિરપેક્ષતાના તાંતણે બંધાય,પરંતુ ધર્મના આધારે દેશનું ધ્રુવીકરણ થઈ રહ્યું છે.કેન્દ્રીય ગૃહમંત્રીને આ બાબતે જાણકારી અપાઈ છે.

**અમારા તમામ ગ્રાહકો અને વાચકોને નવા વર્ષની પ્રેમી સલામ**

## ભારતમાં વિદેશી રોકાણકારોને નીતિ વિષયક નિર્ણયો અને ભ્રષ્ટાચાર પડકાર લાગે છે : રિસ્ક મેનેજમેન્ટ કંપની ક્રોલનું તારણ

ભારતમાં વિદેશી રોકાણકારો હજુ પણ રોકાણ કરવામાં બીક અનુભવે છે. સરકાર મેક ઈન ઈન્ડીયા જેવા કાર્યક્રમો ભલે વિદેશી રોકાણકારોને આર્કષવાની કોશીશ કરે પણ ભારતમાં વ્યાપક ભ્રષ્ટાચાર હજી પણ વિદેશી રોકાણ આર્કષવામાં અવરોધક પુરવાર થઈ રહ્યો છે.રિસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રની અમેરિકન કંપની ક્રોલે કહ્યુ હતું કે વિદેશના રોકાણકારો માટે ભારતમાં રોકાણનો નિર્ણય કરતી વખતે ભ્રષ્ટાચાર એક મોટો પડકાર છે.ભ્રષ્ટાચાર ઉપરાંત કંપનીઓ સંચાલનની ગુણવત્તા,સંપત્તિની સુરક્ષા જેવા જોખમી પરિબળોની સ્થિતિ પણ જુએ છે.ક્રોલના નિષ્ણાંતે કહ્યુ કે ૨૦૧૪માં ભારતમાં સ્થિર સરકાર આવ્યા પછી રોકાણકારોને મહત્વના ફેરફારો કરાશે તેવી અપેક્ષા હતી પણ આ આશા પુરી થઈ નથી.

સરકારના ટેક્સને લગતા નિયમો અને કામગીરી,બેકારીને કારણે સામાજિક અશાંતિ, રાજ્યકક્ષાની રાજનીતિ અને ખામીયુક્ત બેન્કીંગ સિસ્ટમને લગતી સમસ્યાઓ વિદેશી રોકાણમાં અવરોધક છે.મોદી સરકાર સત્તા પર આવ્યા પછી ભારતને લગતાં જોખમો ઘટ્યાં છે કે કેમ ? તેવા પ્રશ્નના જવાબમાં ક્રોલના અધિકારી તરુણ ભાટીયાએ સકારાત્મક જવાબ આપ્યો હતો જો કે તેમણે કહ્યુ કે આ દિશામાં હજી ઘણા સુધારા અને અનેક કાર્યો કરી શકાય છે.વિદેશી રોકાણકારો વેપાર ઉદ્યોગોમાં નક્કર પરિવર્તનની આશા રાખી રહ્યા છે.હજી આ કામગીરી ધારણા મુજબ થઈ નથી. તેના પરિક્ષણો હજી બાકી છે તેમ ભાટિયાએ કહ્યુ હતું.

ભ્રષ્ટાચાર અને અન્ય કારણોસર આશરે ૨૦ ટકા રોકાણ કરનાર કંપનીઓ ભારતમાં રોકાણ કરવાની યોજનામાંથી પાછી ફરી ગઈ છે. ટ્રાન્સપરેન્સી ઈન્ટરનેશનલ સર્વેમાં જણાવ્યા મુજબ ભારતમાં લાંચ રુશ્વતનું પ્રમાણ ઘણું ઊચું છે.ભારતમાં ૬૯ ટકાથી વધુ લોકોએ સરકારી કર્મચારીઓ પાસેથી કામ કરાવવા માટે તેમને ચા-પાણીના પૈસા આપવા પડે છે.અથવા તેમના ખિસ્સા ભરવા પડે છે.વિયેતનામમાં આ પ્રમાણ ૬૫ટકા અને ચીનમાં ૨૬ ટકા તેમજ પાકિસ્તાનમાં તે ૪૦ ટકા છે.

## ઇરાનમાં આર્થિક સંકડામણને કારણે લોકોના સરકાર વિરુધ્ધ દેખાવો

ઈરાનમાં ઊભી થયેલી આર્થિક કટોકટીને કારણે લોકોનો જનસંઘર્ષ છેલ્લા ત્રણ દિવસથી સરકાર વિરુધ્ધ ચાલી રહ્યો છે.સરકારે બળ પુર્વક જન આક્રોશને કચડી નાંખવા માટે દેખાવકારો વિરુધ્ધ કાર્યવાહી કરી છે. પરિણામે બે લોકોના મૃત્યુ નિપજ્યા છે.સત્તાવાળાઓએ ચેતવણી આપી છે કે દેખાવકારોએ કિમત ચુકવવી પડશે.લોકો ઈસ્લામી પ્રજાસત્તાક શાસન સામે ખુલીને સામે આવ્યા છે.સોશ્યલ મીડીયા પર જોવા મળતા વીડીયો કહે છે કે રાતના સમયે પણ હજારો લોકો દેશભરમાં દેખાવો કરી રહ્યા છે.ઈરાનના મોટા શહેરોમાં વિરોધી દેખાવો યોજાઈ રહ્યા છે.૨૦૦૯માં પણ સરકારે આયોજીત વિરોધી દેખાવોને કચડી નાંખ્યા હતા.આંતરિક સુરક્ષા પ્રધાન અબ્દુલ રહેમાન રહમાનીએ ટીવી પર ચેતવણી આપતાં કહ્યુ હતું કે જાહેર અસ્કયામતોને નુકશાન કરનારને કે કાયદો વ્યવસ્થા તોડનાર જવાબદાર ઠેરવી તેમને તે માટે કિંમત ચુકવવીપડશે.

જ્યારે અમેરિકી પ્રુમુખ ટ્રમ્પે કહ્યુ હતું કે ઈરાનના સત્તાવાળા આ દેખાવોને શાસન વિરુધ્ધના નહીં પણ આર્થિક સંકડામણોને કારણે થઈ રહેલા વિરોધનું રુપ આપવા પ્રયત્નશીલ છે.લોકો પોતાના આર્થિક જીવનવ્યવહાર માટે શાંતિપુર્ણ દેખાવો કરે ,બળવો એ બે બાબતો ભિન્ન છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવ ક્રાંતિ

ભીમા-કોરેગાંવના ૨૦૦ વર્ષ જુના જંગની વરસીએ પુણેમાં હિંસા ભડકી અને આ હિંસાએ મહારાષ્ટ્રમા કોમી રમખાણમાં પરિર્તીત કર્યુ.ભીમા,પબલ અને શિકરાપુર ગામમાં દલિત અને મરાઠા સમુદાય વચ્ચે શરુ થયેલો વિવાદ હિંસક થઈ ગયો.ધીમે ધીમે સમગ્ર મહારાષ્ટ્રમાં તેનું વરવું સ્વરુપ પ્રગટ થયું.મહારાષ્ટ્રના તેર જિલ્લા પ્રભાવિત બન્યા.આની સાથે ગુજરાતમાં પણ તેના છાંટા ઉડ્યા.મોટાભાગના શહેરોમાં દલિત અને મરાઠા સમુદાયના લોકો આમને સામને આવી જતાં હિંસક અથડામણો થઈ અને હિંસાઓ પણ થઈ.મુંબઈ જેવું ધબકતું શહેરમાં એકાએક ધબકારા અટકી ગયા હોય તેમ લાગ્યું. શાળા કોલેજો,કચેરીઓ,લોકલ ટ્રેન,બસ,ખાનગી વાહનવ્યવહાર થંભી ગયા.અફવાઓનું બજાર એકદમ ગરમા ગરમ ભજીયા તળવા લાગ્યું.શાંતિ હણાઈ ગઈ.પરિસ્થિતિમાં એકદમ બદલાવ છતાં કોઈપણ રાજકીય પક્ષના નેતાઓ બહાર આવીને શાંતિ જાળવવા માટે લોકો પાસે આવ્યા નથી.કોઈ નિવેદનો બહાર પડાયા નથી.મહારાષ્ટ્રમાં અશાંતિ સર્જવા માટે કોઈ રાજકીય કુનેહ કામ કરી ગઈ કે કેમ તે સમજાતું નથી. ખેર,રાજકારણીઓના ખેલ આવા ચુંચપાતમાં નજરે ચડતા નથી પરંતુ તેનીગંધ તો પરખાઈ જાય છે.મરાઠાઓ પર વર્ચસ્વ ધરાવતી રાજકીય પાર્ટી શિવસેના હજુ સુધી ખુલીને બહાર આવી નથી.પરંતુ જે કાંઈ થઈ રહ્યું છે તે આર્દશ કહી શકાય નહી.

વરસી,માન્યતા કે કોઈ ઐતિહાસીક ઘટના, ફિલ્મ કે એવી બાબતોને લઈને લોકો એકબીજા પર વરસી પડે અને સામાન્ય સ્થિતિ ખોરવાઈ જાય તે સારી સમજ વાળી સ્થિતિ ગણી શકાય નહી. આઝાદીના લગભગ સાત દાયકા બાદ આવી પુખ્તતા આવી શકે નહી તેને લોકશાહી કહી શકાય કે કેમ તેવો પ્રશ્ન ઉભો થાય છે.આ દેશની પ્રજા શું આઝાદીને લાયક નથી કે શું ? ખેર,ચુંટણીઓમાં તો પ્રજા ખોટી બાબતો કે વચનોની જાળમાં ભેરવાઈ જાય છે તે તો આપણે જોતા આવ્યા છીએ. પરતુ એવા મુદ્દાઓ ઉપસ્થિત થાય અને લોકોનું સામાન્ય રોજીંદુ જન જીવન અસ્ત વ્યસ્ત કરી નાંખે તેવી પરિસ્થિતિ સર્જાય નહી તે જોવાનુ કામ તો દેશના તમામ અદના નાગરિકોની ફરજ છે તે કેમ કોઈ વિચારી શકતું નથી.આવા સમયે દેશના પ્રબુધ્ધ નાગરિકોની ફરજ છે કે તેઓ પોતના વિચારો દ્વારા જનમતનુ પરિવર્તન કરીને જનશાંતિ ઉભી કરે તે જરુરી છે.

## મંતવ્ય

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી ચુંટાઈ આવી પરતુ તેનો ભારે બહુમતીનો જે દાવો હતો તે યર્થાથ ઠર્યો નહી.ખેર,સરકાર રચવા જેટલી બહુમતી મળી એટલે આબરુ બચી ગઈ.જો કે કેટલીક સીટો નજીવા માર્જીનથી મળી.હવે જ્યારે સરકાર રચવાની વાત આવી ત્યારે કેટલાક અસતુષ્ટ જીવોને મોટા ખાતા મેળવવાની ઈચ્છા હતી.મંત્રી તરીકે તમને પક્ષ તરફથી જે જવાબદારી નિભાવવાની સોપવામાં આવે તે પુર્ણ કરવાની હોય છે. પરંતુ કેટલાક લોકોએ પોતાને વધુ મોટા ખાતાં કે જેના દ્વારા મોટો વહીવટ કરવાની તેમની તાકાત વધે તે માટે તેમણે અખાડા કર્યા.પરિણામે કેટલાકને સમજાવવા પડ્યા અને તકરારને નિવારવા પ્રયત્ન થયો. પરંતુ ત્યારબાદ બીજા કેટલાક ચુંટાયેલા સભ્યો જેમને મંત્રી નથી બનાવાયા તેમણે પણ ઉહાપોહ જારી રાખ્યો.હવે ખરેખર પાર્ટીના નેતાઓ માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવી ગયો છે. પાતળી બહુમતી વાળી સરકારમાંથી જો થોડાક સભ્યો આઘાપાછા થઈ જાય તો હાથમાં આવેલો સત્તાનો કોળીયો ઝુંટવાઈ જાય તેમ છે. હવે કેટલાકને રાજી રાખવા તે માટે ઉચ્ચ નેતાગીરીએ ભારે કસરત કરવાની રહેશે. પરંતુ આ બધી કસરતો ક્યાં સુધી જારી રહેશે અને ઉપયોગી બનશે તે સમય બતાવશે.કદાચ સત્તા મેળવવા માટે કોણ કઈ હદ સુધી જઈ શકે છે તે નક્કી નથી. થોભો અને રાહ જુઓ.

રમણભાઈ પી. વાઘેલા

# યુપીએ સરકારને ગબડાવવા માટે કરાયેલું ટુ-જી કૌભાંડ સદીનું સૌથી મોટું સુરસુરીયું : તમામ આરોપી નિર્દોષ

1 લાખ ૭૬ હજારનું ટુ-જી કૌભાંડ ઊભુ કરીને યુપીએની સરકારને ગબડાવવા માટે કરાયેલું ષડયંત્ર સીબીઆઈની સ્પેશીયલ કોર્ટે ઊઘાડુ પાડ્યું હતું. જજ ઓ.પી.સૈનીએ,સીબીઆઈની સ્પેશીયલ કોર્ટ, આ કેસમાં ચુકાદો આપતાં પુર્વ ટેલીકોમ પ્રધાન એ.રાજા,ડીએમકેના નેતા કનિમોઝી સહિત તમામ ૩૫ આરોપીઓને તેમજ કેસમાં સંડોવાયેલી તમામ કંપનીઓને નિર્દોષ જાહેર કરી હતી.આ કૌભાંડ સાથે સંકળાયેલા ૩ જુદા જૂદા કેસમાં બે કેસ સીબીઆઈએ અને એક કેસ એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ દ્વારા કરવામાં આવ્યો હતો.જજે ચુકાદામાં કહ્યુ હતું કે ફરીયાદીના વકીલ કોઈપણ આરોપો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા હતા.આથી તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

યુપીએ સરકાર સત્તા પર હતી ત્યારે ૨૦૧૦માં તત્કાલીન સીએજી વિનોદ રાયના અહેવાલને આધારે આ કૌભાંડ બહાર પડાયું હતું. જેમાં યુપીએ સરકારના તત્કાલીન ટેલીકોમ પ્રધાન એ. રાજા અને ડીએમકે નેતા કનિમોઝી મુખ્ય આરોપી હતા.કોર્ટે કહ્યુ કે એ. રાજા અને અન્યોને આ કેસમાં રુ.૨૦૦કરોડના હવાલા દ્વારા લાંચ લીધાનો આક્ષેપ હતો.પણ મની લોન્ડરીંગના આક્ષેપો પુરવાર કરવા માટે કોઈ નક્કર પુરાવા કે હકીકતો પણ રજુ કરાઈ નથી.આથી તે અંગે કોઈ ચર્ચાની પણ જરુર નથી.

સ્વાન ટેલીકોમના વકીલ વિજય અગ્રવાલે કહ્યુ હતું ક પ્રોસિક્યુશન આરોપો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે.સીબીઆઈ હકીકતોને તોડી મરોડીને રજુ કરી છે.સરકારી તિજોરીને જેટલું નુકશાન થયાનું જણાવેલ છે તેટલું નુકશાન ખરેખર થયું નથી.આથી તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવે છ.

સીબીઆઈ જજ ઓ.પી.સૈનીએ તેમના ૧૫૫૨ પાનાના ચુકાદામાં કહ્યુ હતું કે હું સાત વર્ષથી એક પણ રજા લીધા સિવાય સવારે ૧૦ થી સાંજે ૫ સુધી કેસની સુનાવણી હાથ ધરતો હતો.શનિવાર અને રવિવારના રજાના દિવસોમાં પણ કોર્ટ ચાલુ રાખી હતી.આમ છતાં એકપણ વ્યક્તિ આ કેસના સંદર્ભમાં એકપણ પુરાવો લઈને મારી પાસે આવી નથી.કોર્ટે તેના ચુકાદામાં કહ્યુ હતું કે બધાએ ભેગા મળીને હોહા મચાવી,સાથે મળીને તૈયાર કરેલી ચાર્જશીટમાં ફરિયાદીના વકીલ આરોપીઓ સામેના કોઈપણ આરોપોને સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. મને એમ હતું કે કોઈ પણ પુરાવા મારી પાસે આવશે પણ તમામ લોકો અફવા,વાતચીત અને અટકળો દ્વારા સર્જાયેલી જાહેર વાતો અને ટિપ્પણીઓને ધ્યાનમાં રહીને ચાલી રહ્યા હતા.આવી ઘડમાથા વગરની દલીલો કોર્ટમાં ચાલી શકે નહીં.

સૈનીએ કહ્યુ હતું કે તત્કાલીન ટેલીકોમ પ્રધાન એ.રાજાએ તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહને ગેરમાર્ગે દોર્યા હોય તેવા નક્કર પુરાવા રજુ કરાયા નથી.વડાપ્રધાન સાથે એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મીનિસ્ટ્ર્સના પત્ર તેમજ કાયદા મંત્રાલયના અભિપ્રાય અંગે ચર્ચા થઈ તે અંગે પીએમઓની કોઈપણ વ્યક્તિને કોર્ટમાં સાક્ષી તરીકે રજુ કરાઈ નથી.આ પછી એવું કેવી રીતે કહી શકાય કે તત્કાલીન પીએમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા કે તેમના સમક્ષ ખોટી હકીકતો છુપાવવામાં આવી હતી.

કોર્ટનું તારણ હતું કે આ સમગ્ર ગોટાળા માટે ટેલીકોમ ડિપાર્ડમેન્ટના અધિકારીઓ જવાબદાર છે.જ્યારે ડીપાર્ટ.ના અધીકારીઓ જ ખાતાની ગાઈડલાઈનને સમજી શક્યા નથી અને આડેધડ નિર્ણયો લે છે ત્યારે તમે ગાઈડલાઈન્સનો ભંગ કરવા માટે અન્યો પર કેવી રીતી આક્ષેપો કરી શકો ?

હવે જ્યારે જેને કારણે કોગ્રેસની સરકારનું પતન થયું તે ગોટાળો જ થયો નથી.હવે આ કૌભાંડ ઉભુ કરવા માટે જેમણે પ્લાનીંગ કર્યુ હોય તેમની સામે કામ ચલાવવું જોઈએ. કોગ્રેસે હવે વિનોદ રાય અને ભાજપ દેશની માંફી માંગ તેવું પણ કહ્યુ છે.સીએજી દ્વારા આ કૌભાંડનો ગોટાળો ઉભો કરાયો તેની પાછળ ગંદી રાજનીતી જવાબદાર છે તેવું સ્પષ્ટ પણે દેખાય છે.કોગ્રેસી નેતા અને પુર્વ સંચારમંત્રી કપિલ સિબ્બલે કહ્યુ હતું કે ભાજપ અને પુર્વ કેગ આ સમગ્ર કૌભાંડના મુખ્ય સુત્રધાર છે.ટુ-જી સ્પેક્ટ્રમ આવન્ટન દ્વારા થયેલા નુકશાન અંગે તમની ધારણા સાચી સાબિત થઈ છે.હું પહેલા જ દિવસથી કહેતો હતો કે કોઈ કાંડ થયો જ નથી.ભાજપ અને વિનોદ રાયે આ મુદ્દે દેશની માંફી માંગવી જોઈએ.ભાજપે વિનોદ રાયની અને મીડીયાની મદદથી એવો માહોલ ઊભો કર્યો કે દુરસંચાર ક્ષેત્રમાં મોટો ખાડો પડ્યો છે જેનુ પરિણામ આ ક્ષેત્ર ભોગવી રહ્યું છે.

ડીએમકે નેતા સ્તાલિને કહ્યુ હતું કે આ ચુકાદો ઐતિહાસિક ચુકાદો છે.મારી બહેન કનિમોઝી અને દુરસચાર મંત્રી એ.રાજા સહિત તમામ લોકો નિર્દોષ છુટી ગયા તેનો આનંદ છે. આ આરોપો વાસ્તિવક હતાજ નહીં. માત્ર એક રાજકીય પક્ષનું અપમાન કરવાનું અને તેને પુરો કરવાનુ સુનિયોજીત કાવતરુ હતું.અત્યાર સુધી રાજકીય પક્ષનો નાશ કરવા માટે ષડયંત્ર કરવામાં આવીરહ્યું હતું.વિવિધ કોગ્રેસી નેતાઓએ ચુકાદા બાદ ભાજપ ઉપર માંફી માંગવા માટે પસ્તાળ પાડી છે.ગુલામનબી આઝાદે આ મુદ્દે સંસદમાં પણ તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહ કરવામાં આવેલા આરોપ માટે મોદીએ માંફી માંગવા માટે શાબ્દિક હુમલો કર્યો હતો.

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

શ્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી,ભારત

શ્રી વિજય રુપાણી,,મુખ્યમંત્રી,ગુજરાત

# ગુજરાત જીત્યું
# ફી વધારો હાર્યો ....
# ફી નિયમન અધિનિયમને નામદાર હાઇકોર્ટે પણ સ્વીકાર્યો

## શાળાઓમાં શૈક્ષણિક ફી નિયમનની દિશામાં
## ગુજરાતે ચીંધ્યો સમગ્ર દેશને દિશા..

## સ્વનિર્ભર શાળાઓમાં હવે ફી નિયમન
## અધિનિયમને નામદાર હાઇકોર્ટની
## મંજુરીની મહોર

## શિક્ષણનું વ્યાપારીકરણ અટકાવવામાં
## રાજ્ય સરકારની સીમા ચિહ્નરૂપ સિધ્ધિ

## વાલીઓ પાસેથી હવે સ્વનિર્ભર
## શાળાઓમાં મનમાની ફી નહીં વસુલી શકે

## મોંઘીદાટ શૈક્ષણિક ફીમાંથી રાજ્યના
## લાખો વાલીઓને હવે મળશે મુક્તિ

## રાજ્યના ૩૭ લાખ વિદ્યાર્થીઓને મળશે
## ફી ઘટાડાનો લાભ

**સ્કુલ ફી નિયમન થકી વાલીઓના હિતની સાથે સાથે ખાનગી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.**

**શ્રી નીતિનભાઇ પટેલ ,નાયબ મુખ્યમંત્રી,ગુજરાત**

## બોમ્બે હાઇકોર્ટે મહારાષ્ટ્ર કોગ્રેસના ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ સામે કાયદેસર કાર્યવાહી કરવાની રાજ્યપાલે આપેલી મંજુરી ગેરકાયદે જણાવી

આદર્શ કૌભાંડમાં સંડોવણી બદલ જેમને મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવાની ફરજ પાડવામાં આવી હતી તે મહારાષ્ટ્રના ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણને હાઇકોર્ટે મોટી રાહત આપી હતી.અશોક ચવ્હાણ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની મંજુરી આપવાના રાજ્યપાલના નિર્ણયને બોમ્બે હાઇકોર્ટે ગેરકાયદે જણાવી રદ કરતાં હવે તેમના છુટકારાનો માર્ગ મોકળો થયો છે.

અગાઉ ૨૦૧૩માં તત્કાલીન રાજ્યપાલ કે. શંકરનારાયણને ચવ્હાણ સામે ખટલો ચલાવવાની પરવાનગી આપવાની ના પાડી હતી. જો કે એપ્રીલ ૨૦૧૬માં મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. વિદ્યાસાગર રાવે આદર્શ કો.ઓ.હા.સો.કેસમાં ગુનાઈત કાવતરું ઘડવું અને છેતરપિંડી કરવાના આરોપસર ચવ્હાણ સામે ખટલો ચલાવવાની પરવાનગી આપી હતી. જેને ચવ્હાણે હાઈકોર્ટમાં પડકારી હતી.ચવ્હાણના વકીલ અમિત દેસાઇ દલીલ કરતાં કહ્યુ હતું કે ચવ્હાણ સામે ખટલો ચલાવવાની પરવાનગી અપાઇ એટલે લોકશાહીનું ખુન થયું ગણાય.અગાઉના રાજ્યપાલે આવી પરવાનગી આપવાનું નકાર્યું હતું. પણ રાજ્યમાં સત્તા પલટો આવતાં જ પોતાના વિરોધીઓ સામે ખટલો ચલાવવાની નીતી અપનાવી રાજ્યપાલ દ્વારા પરવાનગી આપી દેવાઇ હતી.પોતાના વિરોધીઓ સામે પણ ખટલો ચલાવવા માટે બંધારણીય અને કાયદેસરની કાનુની પ્રક્રીયાનું પાલન તો કરવું જ પડે. મુંબઇ પર આતંકી હુમલો કરનાર અજમલ કસાબે શું કર્યુ હતું તેની બધાને જાણ છે પરંતુ તેમ છતાં કાયદેસરની પ્રક્રિયાને અનુસરવામાં આવી હતી.તેમ અશોક ચવ્હાણના વકીલે કહ્યુ હતું. અશોક ચવ્હાણે કહ્યુ હતું કે ૨૦૧૪માં થયેલી લોકસભાની ચુંટણીઓમાં હુ ચુંટાઇ આવ્યો હતો એટલે મને લક્ષ્ય બનાવાયો હતો.હવે રાજ્યપાલે રાજીનામું આપવું જોઈએ.

## કાશ્મીર માટેની કલમ ૩૫એ,૩૭૦ રદ નહી કરાય : સરકારે ઇરાદો બદલ્યો

ભારતીય જનતા પાર્ટીએ આજદિન સુધી ચુંટણીઓમાં જે વચનોની લ્હાણી કરી છે તેમા કાશ્મીરમાંથી ઉપરોક્ત કલમો એટલે ૩૫એ,અને ૩૭૦ રદ કરવાની છે.૨૦૧૪માં લોકસભાની ચુંટણીઓમાં પણ આ બાબતનો સમાવેશ થયો હતો. પરંતુ ત્યારબાદ કાશ્મીરમાં પીડીપી સાથે ગઠબંધન કરીને સરકાર બનાવ્યા બાદ તેમના વિચારોમાં પરિવર્તન આવ્યું છે.હવે કેન્દ્ર સરકારે કહ્યુ હતું કે જમ્મુ-કાશ્મીરને અલગ અને વિશેષ દરજ્જો આપતો બંધારણીનો આર્ટિકલ ૩૫એ,અને ૩૭૦ રદ કરવામાં આવશે નહીં.અકાલી દળના સાંસદ સુખદેવસિંહ ઢિંડસાએ આ અંગે સંસદમાં પુછેલા એક સવાલના જવાબમાં સરકારે આ પ્રત્યુત્તર આપ્યો હતો.જમ્મુ-કાશ્મીરને સ્વાયતતા આપતો આર્ટીકલ ૩૭૦ નાબુદ કરાવાનો ભાજપનો એજન્ડા છે.અને રહેશે પરંતુ,પક્ષ એમ માને છે કે તેની પાસે સંસદમાં પુરતા સભ્યો ન હોવાને કારણે તે અત્યારે તેને રદ કરશે નહીં.એમ કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી હંસરાજ આહીરે એક લેખિત સવાલના જવાબમાં લોકસભામાં કહ્યુ હતું.સેકસન ૩૫ એનાં સંદર્ભે તેમણે કહ્યુ હતું કે આ અંગે એક એનજીઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.આર્ટીકલ ૩૫એ અને ૩૭૦ અન્વયે જમ્મુ કાશ્મીરમાં બહારની કોઇ વ્યક્તિ પ્રોપર્ટી ખરીદી શકતી નથી. કે રોજગારી મેળવી શકતી નથી.

આ રાજ્યમાં વસવાટ હોય તો પણ તેમને સ્થાનિક કક્ષાએ મતદાનનો અધિકાર મળી શકતો નથી.આર્ટીકલ ૩૫એ રાષ્ટ્રપતિના આદેશને પગલે ૧૯૫૪માં તેને ઉમેરવામાં આવ્યો હતો.જેમાં સ્થાનિક લોકોના અધિકારો અને વિશેષાધિકારોના રક્ષણની વાત છે.ઉલ્લેખનીય છે કે ભાજપ દ્વારા વારંવાર આ બંને આર્ટિકલને રદ કરવા અંગેની વાતો કરવામાં આવે છે.પણ તેમ થતું નથી.ખાસ કરીને જમ્મુ કાશ્મીરમાં મહેબુબા મુફ્તિની સરકાર સાથે ગઠબંધન પછી ભાજપે આ મુદ્દે ચર્ચા જ બંધ કરી છે.

જો કે બંધારણમાં આ સુધારાઓ શક્ય છે કે નહી તે બાબતે વિવાદો છે પરંતુ તે શક્ય તો નથી કે માત્ર વાતો કરવાથી તેનો ઉકેલ આવી શકે.


ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણી અને ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે નીતિન પટેલની સર્વાનુમતે વરણી

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ મેળવેલા વિજય બાદ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણી અને ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે નીતિનભાઇ પટેલની સર્વાનુંમતે વરણી કરવામાં આવી હતી.કેન્દ્રીય નિરીક્ષક અરુણ જેટલી અને સાંસદ સરોજ પાંડએએ નવી સરકારના સુકાની તરીકે વિજય રુપાણી અને નીતિનભાઈ પટેલના નામની જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણીના નામની જાહેરાત બાદ તેમણે કહ્યુ હતું કે જ્યાં ભાજપને મત ન મળ્યા ત્યાં પણ લેશમાત્ર ભેદભાવ વગર સાડા છ કરોડ ગુજરાતીઓના વિકાસ માટે કામ કરશે.અમારી સરકાર લોકભાવનાને વધુ ઉંચાઈએ લઈ જવા અને પ્રતિબધ્ધ છીએ તેમ જણાવ્યુ હતું.

લુણાવાડાના અપક્ષ ધારાસભ્ય તરીકે ચુંટાયેલા રતનસીંહ રાઠોડે કભાજપને બીનશરતી ટેકો આપતાં વિધાનસભામાં ભાજપનો આંકડો ૧૦૦ઉપર પહોચ્યો છે.

## પાકિસ્તાનના ક્વેટામાં ચર્ચ ઉપર આતંકી હુમલો : ૯ના મોત

પાકિસ્તાનના કવેટામાં જર્ગહન રોજ પર આવેલા એક ચર્ચ પર આતંકીઓએ ઘાતકી હુમલો કર્યો હતો, જેમાં ૯ ના મોત નિપજ્યા હતા. આ ઘટનામાં ૪૪ લોકોને ઈજા થઇ હતી.ચાર આત્મઘાતી હુમલાખોરોએ પ્રાર્થના વખતે જ ચર્ચમાં આડેઘડ હુમલો કર્યો હતો.વિસ્ફોટ થયા પછી ચર્ચ અને આસપાસના વિસ્તારોમાં ગોળીબારના અવાજ સંભળાયા હતા.બલુચિસ્તાનના ગૃહપ્રધાન સરફરાઝ બુગતીએ બનેલી ઘટનાને પુષ્ટિ આપી હતી.ઘવાયેલા લોકોને વધુ સારવાર માટે નજીકની હોસ્પીટલમાં લઈ જવાયા હતા.જ્યાં બેની હાલત અત્યંત ગંભીર હતી. ઈજાગ્રસ્તોને ક્વેટાની સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જેમાં નાના બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે.

બેથેલ મેમોરીયલ મેથોડીસ્ટ ચર્ચ ક્વેટાના સૌથી વધુ સુરક્ષા ધરાવતા વિસ્તારમાં આવેલું છે.ચર્ચમાં રવિવારની પ્રાર્થના ચાલી રહી હતી. ત્યારે આ હુમલો થયો હતો.હુમલો થયો તે પછી સુરક્ષા દળના જવાનો ઘટનાસ્થળે પહોચી ગયા હતા. હાલ આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. બોંબ રોધક ટુકડીને તહેનાત કરવામાં આવી છે.

હુમલો થયા પછી આખા ક્વેટા શહેરની તમામ હોસ્પીટલોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. જ્યાં હુમલો થયો તે વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો.મીડીયાના લોકોને ઘટનાસ્થળથી દુર રહેવા આદેશ આપવામાં આવ્યા હતા.હુમલા વખતે શક્તિશાળી વિસ્ફોટ થયો હતો અને ફાયરીંગના અવાજ સંભળાયા હતા.ઘટના સ્થળે હાજર રહેલા લોકોના જણાવ્યા મુજબ અનેક લોકોને ઈજા થઇ હતી અને નાસભાગ મચી હતી.સુરક્ષા જવાનો અને હુમલાખોરો વચ્ચે સામસામા ફાયરિંગના અવાજ સંભળાયા હતા.પોલીસ અને સત્તાવાળાઓ ઘટનાના કારણો અને હુમલાખોરો કોણ હતા તેની તપાસ કરી રહ્યા છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.